ચોપાઇ- હવે કહું નિઃસ્નેહી જન, સુણો રીત્ય તેની દઇ મન ।
એક પ્રભુ સાથે પ્રીત જોડી, બીજા જકત સહુ સાથે તોડી ॥૧॥
પિંડ બ્રહ્માંડમાં નહિ પ્રીત, ચૌદ લોકમાંહિ નહિ ચિત્ત ।
છે એ નિઃસ્નેહી જનની રીત્ય, પેખે પિંડને પહેલું અનિત્ય ॥૨॥
આદિ અંતે મધ્યે જોઇ એહ, પછી કરે તનમાં સનેહ ।
પેખી પ્રસિદ્ધ પિંડના હાલ, પછી માને જો મનાય માલ ॥૩॥
જ્યારે જુવે વિચારી આ પિંડ, દેખે નખશિખા નરક કુંડ ।

પરૂ પાચ ને પિયા પ્રસિધ્ધ, વહે લીંટ શેડા બહુવિધ ॥૪॥
કફ થુંક ને લાળ કહેવાય, નિત્ય નિસરે તે મુખમાંય ।
બહુ બળખા આવે ઓકાર, દિસે દાંત હાડકાંની હાર ॥૫॥
મજજા મેદને માંસ રુધિર, મળ મૂતરે ભર્યું શરીર ।
હાડપિંજર મઢ્યું છે ચર્મે, માંહિ ભર્યો છે આંતર કર્મે ॥૬॥
ભર્યું રુધિર તે રગરગે, વહે નરક તે નવ મારગે ।
નખ કેશમાં કૈક વસ્તુ ભલી, ભરી ભેચે માથાની તુંબલી ॥૭॥
સ્વેદ શુક્ર શલેષમ આમ, ગુંગા ગિડર આદિ અકામ ।
એવું પેખીયું પોતાનું પિંડ, ચોખ્ખું જાણ્યું ચમારનો કુંડ ॥૮॥
પેખી પ્રકટ પિંડમાં એહ, સંતે સમજી મૂક્યો સનેહ ।
એના સંબંધી જે જગમાંય, તે સાથે કેમ સનેહ થાય ॥૯॥
જ્યાં જ્યાં ધર્યો જીવે અવતાર, તિયાં કર્યો કુટુંબ પરિવાર ।
માત તાત ને ભગિની ભાઈ, સુતા સુત દારા ને વેવાઈ ॥૧૦॥
તેમાં કોણ અધિક ને ઓછે, સમ તુલ્ય સગાં એ સહુ છે ।
તેમાં કોણ સાથે પ્રીત જોડે, વળી ક્રિયા સગાં સાથે તોડે ॥૧૧॥
લખચોરાશી કુટુંબ કર્યું, સરવે સગે આ બ્રહ્માંડ ભર્યું ।
માટે મેલ્યું એ કુટુંબ જેમ, સંતે મેલ્યું આ સમજી તેમ ॥૧૨॥
જેમ ગયો દ્વિજ ઢેડવાડે, ભૂલ્યે રહ્યો ત્યાં કોઈ દાડે ।
તેહ બ્રાહ્મણ પણાને ભૂલી, કેમ ફરે શ્વપચમાં ફૂલી ॥૧૩॥
એમ દેહ ને દેહ સંબંધી, તોડી પ્રીત્ય તેશું બહુ વિધિ ।
જેણે તોડી છે પિંડશું પ્રીત, તેનું બીજે બેસે કેમ ચિત્ત ॥૧૪॥
સ્વર્ગલોકનાં સુખ સાંભળી, નથી ઇચ્છતા તેહને વળી ।
એક બ્રહ્માના દિવસમાંય, ચૌદ ઇંદ્ર આવે વળી જાય ॥૧૫॥
તેની કોરનો ભય નહિ કાંઈ, એમ અંધધંધ મદમાંઈ ।
જીયાં ખાન પાન ને ખુમારી, મહા મદોન્મત્ત નરનારી ॥૧૬॥
જેવો તરુણ તને વેશાવાડો, તેવો અહર્નિશનો અખાડો ।
પુણ્ય ખુટે પડે પાછો તેહ, માટે સંત એથી નિરસ્નેહ ॥૧૭॥

કોઈક રીત્યેશું જાય કૈલાસ, તો ત્યાં ભૂત ભૈરવનો વાસ ।
અતિક્રોધી ને કરુર અંગે, એવા રહે છે શિવને સંગે ॥૧૮॥
ભાંગ્ય ધતુરા અશુધ્ધ આહાર, તમોગુણી ને તોરી અપાર ।
એમાં શું સુખ જાણી વસેહ, માટે સંત એથી નિરસ્નેહ ॥૧૯॥
બ્રહ્મલોકનું સુખ સાંભળી, મન વળગતું નથી ત્યાં વળી ।
કર્યો કામે જઈ તિયાં કાળો, અજ અંતરે થયો આકળો ॥૨૦॥
વળી જંઘથી જાયા અદેવ, યક્ષ રક્ષ થયા તતખેવ ।
તેતો લેવા તાક્યા અજ લાજ, બીજા ધ્રોડ્યા છે ખાવાને કાજ ॥૨૧॥
જોઈ એવું વિકળ લોક એહ, સંતે ન કર્યો સમજી સનેહ ।
હશે સુખ ટળી જાય તેહ, માટે સંત એથી નિરસ્નેહ ॥૨૨॥
એમ પેખિયું પિંડ બ્રહ્માંડ, મટી જાય દિઠિ એવી માંડ્ય ।
જાશે યતકિંચિત છે જેહ, માટે સંત એથી નિરસ્નેહ ॥૨૩॥
સ્વર્ગ મૃત્યુ ને પાતાળમાંય, રહેવા જેવી વસ્તુ નથી ક્યાંય ।
રહે નહિ જે દેખાય દેહ, માટે સંત એથી નિરસ્નેહ ॥૨૪॥
સ્થાવર જંગમ જે જે કહેવાય, સર્વે છે કાળના મુખમાંય ।
શું સમજીને કરે સનેહ, માટે સંત એથી નિરસ્નેહ ॥૨૫॥
એમ વાત કરે સહુ સંત, તમે સાંભળજયો ગુણવંત ।
જીયાંલગી મનાય હું દેહ, તિયાંલગી નહિ નિરસ્નેહ ॥૨૬॥
દેહ કેડે વળગ્યો સંસાર, પાપ પુણ્ય વળી પરિવાર ।
સુખ દુઃખ માન અપમાન, હર્ષ શોક વૃધ્ધિ વળી જ્યાન ॥૨૭॥
એહ સર્વે રહ્યાં દેહવાંસે, દેહ માનતાં સર્વે મનાશે ।
જ્યારે થાય દેહથી નિસ્પ્રેહ, ત્યારે તુટે સહુશું સનેહ ॥૨૮॥
જ્યારે મનાય આતમા આપ, ત્યારે જાય સર્વે સંતાપ ।
આત્મરૂપ મનાય આપણું, ત્યારે નર પામે નિર્સ્નેહીપણું ॥૨૯॥
આતમાને કોણ માત તાત, આતમાને કોણ નાત્ય જાત ।
કુળ કુટુંબ જે પરિવાર, આતમાને નહિ સુત નાર ॥૩૦॥
આતમાને નહિ આપ પર, શત્રુ મિત્ર ને નહિ અવર ।

આતમાને નહિ ધરા ધામ, આતમાને નહિ દેશ ગામ ॥૩૧॥
આતમાને નહિ ધન માલ, અશન વસન ભૂષણ રસાલ ।
માટે આતમા આપે મનાય, ત્યારે સર્વેથી નિઃસ્નેહ થાય ॥૩૨॥
આપે થઈ આતમસ્વરૂપ, ભજે પ્રભુ પરમાત્મારૂપ ।
રાખે પુરુષોત્તમમાંહિ પ્રીત, બીજે બેસે નહિ કિયાં ચિત્ત ॥૩૩॥
તેહ ભક્ત થયો એકાંતિક, જેના અંતરમાં હરિ એક ।
એમ સમજીયા જન જેહ, થયા નિરવિઘ્ન નિરસ્નેહ ॥૩૪॥
એમ સમજ્યા વિના જેહ જન, તે નિઃસ્નેહી નહીં નિર્વિઘન ।
બીજી રીત્યે થાય નિરસ્નેહ, તેને ક્યાંક બંધાય સનેહ ॥૩૫॥
દેહરૂપ થઈ કરે ત્યાગ, તેનો ટકે નહિ વૈરાગ ।
દેહ હોય ત્યાં દેહનું કુળ, દેહ સર્વે સનેહનું મૂળ ॥૩૬॥
જેમ માથેથી મોડતાં વૃક્ષ, લાગે પત્ર તેને બીજાં લક્ષ ।
જ્યારે મૂળેથી વૃક્ષ છેદાય, શાખા પત્ર ફુલ ફળ જાય ॥૩૭॥
તેમ દેહને ન માને આપ, ત્યારે જાય સમૂળો સંતાપ ।
એમ સમજ્યા સંત સુજાણ, જેને મળ્યા પુરુષ પુરાણ ॥૩૮॥
થયો સનેહ શ્યામળા સંગે, થયું બીજું અભાવતું અંગે ।
મન ઢળી આવ્યું એહ ઢાળે, વળે નહિ પાછું કોઈ કાળે ॥૩૯॥
એમ કહી નિઃસ્નેહીની રીત્ય, સહજે રહે છે સંત એમ નિત્ય ।
નથી તેનો તે થાપ ઉત્થાપ, સ્વામી સહજાનંદ પ્રતાપ ॥૪૦॥

પૂર્વછાયો- સુંદર રીત એ સંતની, એમ રહે તેહ નિરસ્નેહ ।
પિંડ બ્રહ્માંડ પદારથે, કેદિ કરે નહિ સનેહ ॥૪૧॥
કામ લોભ ને સ્વાદ સ્નેહ, જીતી બેઠા તેહ જન ।
માન તજ્યું જે મુનિયે, કહું સાંભળજ્યો સહુ જન ॥૪૨॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે નિરસ્નેહિ વ્રતમાન
કહ્યું એ નામે એકસો ને નવમું પ્રકરણમ્ ॥૧૦૯॥